# સોમનાથ ટ્રસ્ટના મહિલા સશકિતકરણના અનોખા સેવાયજ્ઞને પૂ.મોરારીબાપુએ પાઠવ્યા સાધુવાદ




મિતેશ પરમાર,વેરાવળ,

સોમનાથ મહાદેવના દર્શનાર્થે પધારેલા પૂજ્ય મોરારીબાપુએ શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા ચલાવવામાં આવતા મહિલા સશક્તિકરણના અનોખા સેવાયજ્ઞની મુલાકાત લીધી હતી. આ તકે સખીમંડળની બહેનો દ્વારા તૈયાર કરવામાં આવેલ 'વસ્ત્ર પ્રસાદ'નું નિદર્શન કરી બાપુએ હર્ષની લાગણી અને ખૂબ આદરભાવ વ્યક્ત કર્યો હતો.

ગ્રામીણ મહિલાઓને તાલીમ અને રોજગારી:

શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા ગ્રામ્ય સખીમંડળ અને સ્વ-સહાય જૂથની મહિલાઓને સીવણ અને રાચરચીલા નિર્માણની તાલીમ આપવામાં આવે છે. ત્યારબાદ તેમને સિલાઈ મશીન અને તમામ સામગ્રી પૂરી પાડવામાં આવે છે. આ બહેનો સોમનાથ મહાદેવને અર્પણ થતા વસ્ત્રો, પાઘ અને પીતાંબરમાંથી કલાત્મક ઝભ્ભા, તોરણ, ચાકડા, ટોડલા અને આસન સહિતની સામગ્રીઓનું નિર્માણ કરે છે. આ વસ્ત્ર પ્રસાદ ભક્તોને શિવત્વનો પરમ અનુભવ કરાવે છે.

૨૧,૦૦૦ વસ્ત્રોનું સેવાકાર્ય અને વિતરણ:

અત્યાર સુધીમાં મહાદેવને આભિષૂત વસ્ત્રોમાંથી બહેનોને વસ્ત્ર પ્રસાદ નિર્માણનો લાભ આપીને રાજ્યમાં ૨૧,૦૦૦ જેટલા વસ્ત્રોનું વિતરણ કરવામાં આવ્યું છે. શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા આ વસ્ત્ર પ્રસાદ સમયાંતરે રાજ્યના વિવિધ વૃદ્ધાશ્રમો, દિવ્યાંગગૃહો અને ટ્રાઈબલ બેલ્ટના જિલ્લાઓમાં વિનામૂલ્યે વિતરિત કરવામાં આવે છે. આ ઉપરાંત ભક્તોની લાગણીને સન્માન આપીને ટ્રસ્ટ દ્વારા સ્થાનિક કક્ષાએ યાત્રીઓ માટે સોવેનિયર કાઉન્ટરો અને ઓનલાઇન ટ્રસ્ટની વેબસાઈટ પર વસ્ત્ર પ્રસાદનું વેચાણ પણ પ્રારંભ કરેલ છે.

ભક્તિને કલાનો સંગમ:

તાલીમ પામેલી બહેનો દ્વારા તૈયાર કરાયેલા ૫૦૦ જેટલા ઝભ્ભાનું સફળતાપૂર્વક વેચાણ થયું છે. વિશેષ બાબત એ છે કે કલાત્મક દૃષ્ટિને ભક્તિ સાથે ભેળવીને, સિલાઈ બાદ વધતા લેસના પટ્ટા, માળા અને બ્રોચ વગેરેનો સદુપયોગ કરી ગૃહસુશોભન અને ઘરમાં પવિત્રતા લાવતી ૫૦૦૦ જેટલી કલાત્મક વસ્તુઓ બનાવવામાં આવી છે.

'સબકા સાથ, સબકા વિકાસ' મંત્ર સાર્થક:

પૂજ્ય મોરારીબાપુએ બહેનો દ્વારા બનાવેલી આ તમામ વસ્તુઓનું નિદર્શન કર્યું હતું અને હર્ષની લાગણી વ્યક્ત કરી હતી. શ્રી સોમનાથ ટ્રસ્ટના આદરણીય અધ્યક્ષશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના 'સબકા સાથ, સબકા વિકાસ' મંત્રને સાકાર કરવા માટે ટ્રસ્ટ દ્વારા શરૂ કરાયેલ આ શ્રદ્ધા, કલા અને રોજગારીની બેસ્ટ પ્રેક્ટિસ પ્રત્યે બાપુએ ખૂબ આદરભાવ વ્યક્ત કરી કામગીરીની પ્રસંશા કરી હતી.

# રાજકોટમાં ૐ દાદા ફાઉન્ડેશન દ્વારા ગુરૂપૂર્ણિમા મહોત્સવની ઉજવણી




રાજકોટ,

શ્રી ૐદાદાના દિવ્ય સાનિધ્યમાં ૐદાદા ફાઉન્ડેશન, ૐકારા ફાઉન્ડેશન તથા ૐકારા આર્મીના સંયુક્ત ઉપક્રમે યોજાયેલ ગુરુપૂર્ણિમા મહોત્સવ-૨૦૨૬ ભક્તિ , સમર્પણ અને આધ્યાત્મિક ચૈતન્યના અલૌકિક વાતાવરણ વચ્ચે ભવ્ય રીતે સંપન્ન થયો હતો. મહોત્સવમાં ૧,૫૦૦થી વધુ ૐભક્તો ઉપસ્થિત રહ્યા હતા. ૐદાદાએ પોતાના યોગબળ અને વિશિષ્ટ સંકલ્પ દ્વારા ઉપસ્થિત ભક્તોને દિવ્ય શક્તિપાતના આશીર્વાદ પ્રદાન કર્યા હતા.

આ પ્રસંગે શહેર ભાજપ પ્રમુખ ડો. માધવભાઈ દવે, ધારાસભ્ય્ ડો. દર્શિતાબેન શાહ, શહેર ભાજપના મહામંત્રી યોગેન્દ્રસિંહ જાડેજા, શિક્ષણ સમિતિ વાઈસ ચેરમેન કોર્પોરેટર દર્શનભાઈ ભીલ, કોર્પોરેટર શ્રીમતી અરુણાબેન આડેસરા, ભાજપ અગ્રણી રાજભાઈ જાડેજા, વિશ્વ હિંદુ પરિષદ સૌરાષ્ટ્ર પ્રાંતના પ્રમુખ કૌશિકભાઈ સરધારા, કોંગ્રેસ અગ્રણી તથા સોની સમાજના આગેવાન જીગ્નેશભાઈ વાગડિયા, આમ આદમી પાર્ટીના અગ્રણી પરેશભાઈ શિંગાળા, અગ્રણી એડવોકેટ હર્ષિલભાઈ શાહ, બોલબાલા ટ્રસ્ટના જયેશભાઈ ઉપાધ્યાય, હાજર રહ્યા હતા

આયોજનને સફળ બનાવવા ટ્રસ્ટી મિતેશભાઈ દોશી અને અમિતભાઈ લોકવાણી, અનન્ય્ ભાવિક દર્શનભાઈ ભીલ, નયનભાઈ કોઠારી, સહિત સમગ્ર શિષ્યમંડળ -સ્વયંસેવકોએ યોગદાન આપ્યુ હતું.

# રાજકોટ શહેર આહીર સેના પ્રમુખ તરીકે સુરજભાઈ ડેરની સર્વાનુમતે વરણી

## નવરચનામાં જિલ્લા પ્રમુખ તરીકે ભાવેશભાઈ લોખીલની વરણી પણ વરણી




રાજકોટ,

ગુજરાત મજબૂત સામાજિક સંગઠન એટલે 'આહીર સેના ગુજરાત'. સમાજના ઉત્કર્ષ, એકતા અને સર્વાંગી વિકાસ માટે સતત કાર્યરત આ સંગઠન દ્વારા હાલ સમગ્ર રાજ્યમાં શહેર, જિલ્લા અને તાલુકા કક્ષાએ સંગઠનને વધુ સશક્ત , સક્રિય અને ગતિશીલ બનાવવા માટે સંગઠનાત્મક માળખામાં નવરચના કરવામાં આવી રહી છે.

આ અનુસંધાને આહીર સેના ગુજરાતની પ્રદેશ કોર કમિટી અને મોવડીમંડળ દ્વારા રાજકોટ શહેર અને રાજકોટ જિલ્લાના સંગઠનને નવી દિશા અને ગતિ આપવા માટે બે યુવા અને તેજસ્વી ચહેરાઓની પસંદગી કરવામાં આવી છે. જે અંતર્ગત રાજકોટ શહેર પ્રમુખ તરીકે સુરજભાઈ ડેર તથા રાજકોટ જિલ્લા પ્રમુખ તરીકે ભાવેશભાઈ લોખીલની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે. આ મહત્વપૂર્ણ નિમણૂકથી રાજકોટના સ્થાનિક આહીર સમાજમાં નવી ઊર્જા અને ઉત્સાહનો સંચાર થયો છે.

આ બન્ને યુવા અગ્રણીઓની નિમણૂકથી સમગ્ર આહીર સમાજમાં અત્યંકત આનંદ અને હર્ષની લાગણી વ્યાપી ગઈ છે. સુરજભાઈ ડેર અને ભાવેશભાઈ લોખીલ બન્ને યુવા નેતાઓ છે જેઓ સૌને સાથે લઈને ચાલવાની સકારાત્મક અને સર્વસમાવેશ વિચારધારા ધરાવે છે. સમાજના શિક્ષિત, નિષ્ઠાવાન અને સક્રિય આગેવાનો તરીકે તેઓએ પોતાની એક આગવી ઓળખ પ્રસ્થાપિત કરી છે. ભૂતકાળમાં પણ આ બન્ને આગેવાનોએ સમાજના શૈક્ષણિક પ્રકલ્પો, વિદ્યાર્થી સન્માન સમારોહ, દીકરીઓ માટેના સમૂહલગ્ન, રક્તદાન શિબિર, સામાજિક અને સાંસ્કળતિક કાર્યક્રમો તથા મેડિકલ કેમ્પ જેવી અનેકવિધ સેવાકીય પ્રવત્તિઓમાં પોતાનું નોંધપાત્ર અને અગ્રેસર યોગદાન આપેલું છે.

# રાજકોટ જિલ્લામાં વીજપોલના વળતર મૂદ્દે ખેડૂતો કલેકટર કચેરીએ ઉમટી પડયાઃ આવેદનપત્ર

## ચારગણુ વળતર આપવા અથવા થાંભલા દીઠ દર મહિને ૫૦ હજાર વળતર આપવાની રજૂઆત કરી



રાજકોટ,

રાજકોટ તાલૂકા ઉપરાંત પડધરી, જસદણ, વીછીંયા તાલૂકા સહિત જીલ્લાભરના ખેડૂતો અને આગેવાનો વીજપોલના વળતર મૂદ્દે ઉમટી પડયા હતા. અંદાજે ૩૦૦થી૪૦૦ની સંખ્યામાં આવેલ ખેડૂતોએ સુત્રોચ્ચાર સાથે કચેરી ગજવી મૂકી હતી અને કલેકટરને આવેદન પાઠવ્યું હતું.

રાજકોટ જિલ્લાના ખેડૂતોએ ખેતરોમાંથી પસાર થતા વીજ પોલ અને વીજ રેખા અંગેના સરકારી ઠરાવનો સામૂહિક બહિષ્કાર કર્યો છે. ''કિશાન સેવા સમિતિ'' દ્વારા ૩ ઓગસ્ટ ૨૦૨૬ ના રોજ રાજકોટ કલેકટર કચેરી ખાતે કલેકટરને લેખિત આવેદનપત્ર પાઠવીને નવી માંગણીઓ રજૂ કરવામાં આવી છે. ઊર્જા અને પેટ્રોકેમિકલ વિભાગ દ્વારા ૪ જુલાઈ ૨૦૨૬ ના રોજ એક ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો. આ ઠરાવ અન્વયે ગત ૨૪ જુલાઈ ૨૦૨૬ ના રોજ મામલતદાર દ્વારા નિયુક્ત બે અધિકારીઓએ જસદણના ભંડારીયા ગ્રામ પંચાયત ખાતે અસરગ્રસ્ત ખેડૂતોને નોટિસ પાઠવી હતી. આ નોટિસ મળ્યા બાદ, ખેડૂતોએ ૩૦ જુલાઈ ૨૦૨૬ ના રોજ એક સામૂહિક સભા બોલાવી હતી, જેમાં આ મુદ્દે વિસ્તત ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી.

ખેડૂતોએ આવેદનપત્રમાં સ્પષ્ટ જણાવ્યું છે કે ટેલિગ્રાફ એક્ટ ૧૮૮૫ ની કલમ ૧૦(ઘ) હેઠળ વીજ પોલ અને વીજ રેખા પસાર થવાથી ખેડૂતોને જે વ્યાપક નુકશાન થાય છે, તેની વાસ્તવિક ભરપાઈ થતી હોવાનું જણાતું નથી. પૂરતું વળતર ન મળવાના કારણે અસંતોષ વ્યક્ત કરતા ખેડૂતોએ આ ઠરાવનો સામૂહિક રીતે બહિષ્કાર કર્યો છે.

ખેડૂતોના વાંધા અને માંગણીઓ સાંભળી યોગ્ય વિચારણા કરવામાં આવે અને ખેડૂતોને સંતોષકારક વળતર મળે તેવો નવો પરિપત્ર જાહેર કરવામાં આવે.

'જ્યાં પણ શકય હોય ત્યાં વીજ પોલ અને વીજ લાઈનના રૂટ સરકારી ખરાબાની જમીન, બિન-ઉપજાવ જમીન અથવા ખેતરોના શેઢા-પાળા પરથી પસાર કરવામાં આવે જેથી ખેતીલાયક જમીનને ઓછું નુકસાન થાય.

ખેડૂતોની માંગ છે કે સરકારે ૨૦૦ ટકા વળતર આપવાની મોટી વાતો કરી હતી, પરંતુ વાસ્તવમાં ફક્તં ૩% ખેડૂતોને જ ૨૦૦% વળતર મળે છે, જયારે ૯૭% ખેડૂતોને માત્ર ૩૦% વળતરથી જ સંતોષ માનવો પડે છે. ખેડૂતોની માંગ માર્કેટ ભાવના ચાર ગણા વળતરની છે, જે અંગેની નીતિમાં મોટા છીંડા રાખવામાં આવ્યા છે. ખેતરોમાંથી પસાર થતી વીજ લાઈનો ખેડૂતોની જિંદગી માટે મોટું જોખમ બની ગઈ છે. શોર્ટ સર્કિટ કે થાંભલા પડવાની દુર્ઘટનાઓ સામે નીતિઓમાં કોઈ સુરક્ષા કે સમાવેશ કરવામાં આવ્યો નથી.

ઉમટી પડેલા આગેવાનો, ખેડૂતોમાં રમેશભાઇ લીંબાસીયા, મનસુખભાઈ સગપરીયા, નરેન્દ્રભાઈ સોજીત્રા, જીવનભાઇ રૂપારેલીયા, જયાબેન રૂપારેલીયા, ગોરધનભાઇ વસાણી, સુરેશભાઇ વસાણી, વિગેરે જોડાયા હતા. ખેડૂત આગેવાનોએ ૪ ગણુ વળતર આપવા અથવા થાંભલા દીઠ દર મહિને ૫૦ હજાર ભાડૂ આપવા અંગે રજૂઆતો કરી હતી.

# રાજકોટ સ્વામિનારાયણ મંદિરે 'નશામુકત યુવા' અભિયાનનમાં બીએપીએસના યુવાનો જોડાયા

## યુવા ફોર વિકસિત ભારત સંકલ્પ અભિયાનનો વડાપ્રધાનના હસ્તે વર્ચ્યુઅલી રાષ્ટ્રવ્યાપી શુભારંભ



રાજકોટ,

દેશના યુવાનોને વ્યસનમુક્ત કરી સકારાત્મક સામાજિક પરિવર્તનના પ્રહરી બનાવવાના ઉદ્દેશ્યથી વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા નશામુક્ત યુવા ફોર વિકસિત ભારત સંકલ્પ અભિયાનનો રાષ્ટ્ર વ્યાપી શુભારંભ કરવામાં આવ્યો હતો.માય ભારત સ્વયસેવકો, એનએસએસ સ્વ્યંસેવકો, શાળાઓ, કોલેજો, શૈક્ષણિક સંસ્થાઓ અને ૧૨૫ થી વધુ આધ્યાત્મિક સંસ્થાઓ સહિત દેશભરના હજારો સ્થળોના યુવાનોએ આ કાર્યક્રમમાં વર્ચ્યુઅલી ભાગ લીધો હતો.

સમગ્ર ભારતમાંથી બીએપીએસ સંસ્થાના વિવિધ ૬૦ થી અધિક સેન્ટરોમાં આવેલ ૩૦,૦૦૦ થી અધિક યુવાનો અને યુવતીઓ આ અભિયાનમાં સહભાગી બન્યા હતા. બીએપીએસ સંસ્થા્ દ્વારા તમામ સેન્ટરો પર યુવાનો માટે વિશેષ સભાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં યુવાનોએ 'નશામુક્ત યુવા ફોર વિકસિત ભારત'ની ઓનલાઈન પ્રતિજ્ઞા લઈને આ ઝુંબેશ માટે પોતાની પ્રતિબદ્ધતા દર્શાવી હતી. આ તકે બીએપીએસ સંસ્થાના આંતરરાષ્ટ્રીય કન્વીનર સંત પૂ.ઈશ્વરચરણ સ્વામીએ યુવાનોને પ્રેરણાદાયક સંદેશો પાઠવતા જણાવ્યું હતું કે, 'ભગવાન સ્વામિનારાયણે એમના આશ્રિતોને વ્યસનમુક્તવ રહેવાનો આદેશ આપેલો છે. જે વ્યુસનમુક્ત હોય એ જ સાચો સત્સંગી બને છે.' આ અભિયાન અંતર્ગત રાજકોટ બીએપીએસ સ્વા્નારાયણ મંદિરે યોગીસભાગૃહમાં વિશેષ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ધૂન અને પ્રાર્થના બાદ વ્યસનમુક્તે જીવનની પ્રેરણા આપતો પ્રેરક વિડીયો 'ચલો તોડ દે યે બંધન' દર્શાવવામાં આવ્યો હતો. પૂજ્ય અપૂર્વમુનિ સ્વામીએ આ તકે ઉપસ્થિત યુવાવર્ગને વ્યસનમુક્ત જીવનની પ્રેરણા દ્રઢાવી હતી. ત્યારબાદ ઉપસ્થિત તમામે જીવંત પ્રસારણ દ્વારા આ અભિયાન અંતર્ગત વડાપ્રધાનનું ઉદબોધન નિહાળ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે ભગવાન સ્વામિનારાયણના સમયથી, તેમના ૩,૦૦૦ થી વધુ સંતો અને પરમહંસો ગામડાઓમાં પ્રવાસ કરી ચૂકયા છે, લોકોને વ્યસન મુક્તા જીવન જીવવા માટે પ્રેરણા આપી છે.

પ્રમુખસ્વામી મહારાજે વ્યસનમુક્તિ અને લોકકલ્યાણની આ ઝુંબેશ ચાલુ રાખી, તેમના જીવનકાળ દરમિયાન ૫૦ લાખથી વધુ લોકોને વ્યસન છોડીને પવિત્ર જીવન અપનાવવા પ્રેરણા આપી હતી. છેલ્લા ઘણા દાયકાઓથી, બીએપીએસ સંસ્થા વ્યસનમુક્તિ અને તેના ફાયદાઓ વિષે લોકોમાં જાગળતિ ફેલાવવા માટે પ્રયત્નશીલ છે. હાલ વર્તમાનકાળે પરમ પૂજ્ય મહંતસ્વામી મહારાજના માર્ગદર્શન હેઠળ, અસંખ્ય લોકોએ તેમના જીવનને સુધારવા માટે વ્યસનમુક્ત જીવન અપનાવ્યું છે.

# રાજકોટ જિલ્લામાં ભારે વરસાદ વચ્ચે ૧૦૮ એમ્બ્યુલન્સ બની દેવદૂતઃ ચાર સગર્ભાઓની સફળ ડિલિવરી



રાજકોટ,

અતિભારે વરસાદ અને પ્રતિકૂળ વાતાવરણ વચ્ચે રાજકોટ જિલ્લાની ૧૦૮ એમ્બ્યુલન્સ ટીમે ફરી એકવાર માનવતા અને સેવાભાવનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. વરસાદી આફત અને રસ્તાઓની મુશ્કેલીઓ વચ્ચે પણ ૧૦૮ના કર્મચારીઓએ પોતાની ફરજને સર્વોપરી માનીને રાજકોટ જિલ્લાના જુદા-જુદા વિસ્તારોમાં ચાર સગર્ભા મહિલાઓની સુરક્ષિત ડિલિવરી કરાવીને નવજાત શિશુઓને જીવનદાન આપ્યું છે. લોધિકા ટીમે સંગણવા ગામના ૨૦ વર્ષીય નુમાબેન મેહડાની હોસ્પિટલ પહોંચતા પહેલા જ સ્થળ પર કુશળતાપૂર્વક સફળ ડિલિવરી કરાવી માતા અને બાળકને લોધિકા સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે ખસેડ્યા હતા. તેવી જ રીતે, જામકંડોરણા ટીમે પણ ચિત્રાવડ ગામના ૨૫ વર્ષીય વિણાબેન ગણાવાની એમ્બ્યુલન્સમાં જ સુરક્ષિત પ્રસૂતિ કરાવી જૂનાગઢ સિવિલ હોસ્પિટલ ખાતે પહોંચાડ્યા હતા.

રાજકોટ જિલ્લાના દેરડી કુંભાજી લોકેશનની ટીમને સાણથલી ગામ નજીક થોરખાણ વાડી વિસ્તારમાંથી ૨૦ વર્ષીય અંજનાબેન રામદાસભાઈનો પ્રસૂતિનો કેસ મળ્યો હતો. ભારે વરસાદને કારણે એમ્બ્યુલન્સ આગળ ન જઈ શકતા પાયલોટ સાગરભાઈ અને ઈએમટી ભાવેશભાઈએ ૨ કિલોમીટર વાડી વિસ્તારમાં કાદવ-કિચડ વચ્ચે ચાલીને ઘટનાસ્થળે પહોંચ્યા હતા, જ્યાં બાળકીનો જન્મ પહેલેથી જ થઈ ચૂક્યો હતો. ટીમે માતા અને બાળકને એમ્બ્યુલન્સ સુધી પહોંચાડીને સાંણથલી સામૂહિક આરોગ્ય કેન્દ્ર અને ત્યારબાદ ગોંડલ સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ ખાતે સુરક્ષિત ખસેડ્યા હતા.

અન્ય એક કિસ્સામાં સાંણથલી લોકેશનની ટીમને ૨૩ વર્ષીય સીમાબેન બાંભણિયાને સાંણથલી હોસ્પિટલથી જસદણ ટ્રાન્સફર કરવાનો કેસ મળ્યો હતો.રસ્તામાં દુખાવો વધતા સાંણથલીથી ૬ કિમી દૂર જૂના પીપળીયા ગામ નજીક એમ્બ્યુલન્સમાં જ પ્રસૂતિ કરાવવાની ફરજ પડી હતી. ૧૦૮ ઇ.આર.સી.પી. ફિઝિશિયન ડો. જે.ડી. પટેલની ટેલિફોનિક સલાહ અને માર્ગદર્શન હેઠળ વિશાલભાઈએ એમ્બ્યુલન્સમાં જ સફળ ડિલિવરી કરાવી હતી અને માતા-બાળકને જસદણ સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલમાં દાખલ કર્યા હતા. આ સાહસિક કામગીરી બદલ દર્દીઓના સ્વજનો અને મેડિકલ અધિકારીઓએ ૧૦૮ ટીમની પ્રશંસા કરી આભાર વ્યક્ત કર્યો છે.

# ધોરાજી તાલુકામાં જમનાવાડ- મજેવડી રોડનું સત્વરે રિપેરિંગ પૂર્ણ ; ગ્રામજનો અને વાહનચાલકોને રાહત

રાજકોટ,

રાજકોટ જિલ્લાના ધોરાજી તાલુકામાં જમનાવાડથી મજેવડી ગામને જોડતા મુખ્ય માર્ગ પર ભારે વરસાદના કારણે નુકસાન થયું હતું. જેના લીધે નાગરિકોની અવરજવરમાં મુશ્કેલી ઊભી થઈ હતી. આથી પંચાયત માર્ગ અને મકાન વિભાગ, રાજકોટ દ્વારા સત્વરે સમારકામ કામગીરી હાથ ધરીને માર્ગને પૂર્વવત કરાયો છે. જેથી જમનાવાડ અને મજેવડી ગામના નાગરિકો તથા વાહનચાલકોને રાહત મળી છે અને વાહનવ્યવહાર પૂર્વવત શરૂ થઈ ગયો છે.

# રાજકોટ ન્યારી-૨ ડેમ ૮૦ ટકા ભરાયોઃ હેઠવાસના ગામોના લોકોને સલામત સ્થળે ખસી જવા સૂચના

રાજકોટ,

વરસાદથી પાણીની આવક વધતાં પડધરી તાલુકા પાસે આવેલો ન્યારી-૨ ડેમ ૮૦ ટકા ભરાઈ ગયો છે. આથી ડેમ પૂર્ણ સપાટીએ ભરાય કે ડેમમાં જળસ્તર જાળવી રાખવા માટે નદીમાં પાણી છોડવામાં આવે ત્યારે નદીના પટમાં કે કાંઠા વિસ્તારમાં અવરજવર ન કરવા સૂચના જારી કરવામાં આવી છે.

આ સાથે પડધરી તાલુકાના ગોવિંદપર, ખામટા, રામપર, તરઘડી, વણપરી ગામના લોકોને સલામત સ્થળે ખસી જવા સૂચના જારી કરવામાં આવી છે.

ડેમની પૂર્ણ જળસપાટી ૮૮.૫ મીટર છે. ડેમમાં હાલનું જળસ્તર ૮૭.૭૫ મીટર છે. ડેમમાં હાલ કુલ જળજથ્થો ૮.૯૨ ઘનમીટર છે. ડેમમાં નીરની આવક ૩૨૦ ક્યુસેક છે, અને જાવક ૦ છે, તેમ રાજકોટ ફ્લડ કંટ્રોલ સેલની યાદીમાં જણાવાયું છે.

# રેલવે સેફ્ટી કમિશનર રાજકોટ-કાનાલુસ સેક્શન પર નવી બ્રોડગેજ લાઈનનું નિરીક્ષણ કરશે

રાજકોટ:આમ જનતાને જણાવવામાં આવે છે કે રેલવે સેફ્ટી કમિશનર દ્વારા ૦૭.૦૮.૨૦૨૬ ના રોજ રાજકોટ-કાનાલુસ ડબલિંગ પ્રોજેક્ટ હેઠળ આવતા આલિયાવાડા-જામનગર સેક્શન વચ્ચે નવી નાખવામાં આવેલી બ્રોડગેજ લાઇનનું નિરીક્ષણ કરવામાં આવશે.

નિરીક્ષણ દરમિયાન ટ્રેનને ઝડપી ગતિએ ચલાવવામાં આવશે. આ ઉપરાંત, ૦૭.૦૮.૨૦૨૬ થી આ નવી બ્રોડગેજ લાઈન પર પણ ટ્રેનોનું નિયમિતપણે હાઇ સ્પીડથી સંચાલન કરવામાં આવશે.

આમ જનતાને વિનંતી છે કે તેઓ રેલવે ટ્રેકથી દૂર રહે. રેલવે ટ્રેક ઓળંગવો અથવા તેની આસપાસ રખડવું ખતરનાક અને બિનઅધિકૃત બની શકે છે.

# ગીરના જંગલોમાં સિંહને રહેવાની જગ્યાઓ પર અલ્ટ્રાટ્રેક કંપનીને માઈનિંગ માટે મંજૂરી!

અમરેલી:રાજયમાં ઉદ્યોગોને ખુશ કરવાની ભાજપ સરકારની નીતિને કારણે ગીરના જંગલ વિસ્તારમાં સિંહોને જંગલ છોડીને અવાર-નવાર શહેરી વિસ્તારોમાં ભટકવું પડે છે. આ સંજોગોમાં તાજેતરમાં અલ્ટ્રાટ્રેક સિમેન્ટ કંપનીને માઈનિંગ માટે મંજૂરી આપવાનો વનવિભાગનો અભિપ્રાય ચર્ચાસ્પદ બન્યો છે. અમરેલી જિલ્લાના રાજુલા-જાફરાબાદ વિસ્તારમાં આવેલા બાબરકોટ ગામની સર્વે નંબર ૬૯/પૈકી અને ૩૬૬/પૈકીની ૭૫.૯૪ હેક્ટર અનામત જંગલ જમીન અલ્ટ્રાટેક સિમેન્ટ લિમિટેડને માઈનિંગ માટે સોંપવાના મુદ્દે સપ્ટેમ્બર ૨૦૧૬માં તત્કાલીન ડીસીએફ (ગીર પૂર્વ ડિવિઝન ધારી) દ્વારા આ જમીન કંપનીને આપવાનો લેખિતમાં કડક ઈનકાર કરવામાં આવ્યો હતો, જેમાં સિંહોના કાયમી વસવાટ, પ્રજનન ક્ષેત્ર, કોરિડોર અને હાઈકોર્ટની પીઆઈએલનો સ્પષ્ટ ઉલ્લેખ કરીને પર્યાવરણને અકાલ્પનિક નુકસાન થવાની ભીતિ દર્શાવાઈ હતી. જ્યારે વર્તમાન અધિકારી દ્વારા આ જ જગ્યા અલ્ટ્રાટેક સિમેન્ટ કંપનીને માઈનિંગ માટે આપવા પોઝિટિવ અભિપ્રાય આપી દેવામાં આવતાં આશ્ચર્ય ફેલાયું છે.

વર્ષ ૨૦૧૬ના અધિકારીનાઅહેવાલ મુજબ આ વિસ્તારમાં ૬ સિંહોનો કાયમી વસવાટ અને ૧૫થી ૨૦ સિંહોની અવરજવર નોંધાઈ હતી. આ ઉપરાંત દીપડા, ઝરખ, ભારતીય અજગર જેવા વન્યજીવોનું પણ આ ઘર છે તેવું દર્શાવ્યું હતું. આ રિપોર્ટના ૧૦ વર્ષ બાદ ત્યાં સિંહની સંખ્યા ૧૫-૨૦માંથી ખાસ્સી વધી જતાં અવર-જવરવાળા અને કોરિડોરનો ઉપયોગ કરતા કુલ ૫૫થી ૭૫ જેટલા સિંહોનો વિસ્તાર થઈ ગયો છે.

૧૦ વર્ષ પહેલાં વન્યપ્રાણીનાં હિત ખાતર અને કોર્ટના આદેશનો અનાદર ન ગણાય તે માટેના કારણો ધરી ના પાડી દેવાઈ હતી. હવેની સ્થિતિએ સિંહો સહિતના વન્યજીવોની સંખ્યામાં તે જ વિસ્તારમાં વધારો વનતંત્રના રેકર્ડ પર નોંધાયો છે અને કોર્ટની પીઆઈએલ પણ ચાલુ છે, છતાં કંપની માટે જાણે સિંહ સહિતનાં વન્યપ્રાણીઓનું હિત બાજુ પર મુકી દેવાયું હોય અને કોર્ટના આદેશના અનાદરનો ડર ન હોય તેમ પોઝિટિવ અભિપ્રાય આપી દેવાતાં આ મુદ્દો રાષ્ટ્રીય ફલક પર ચર્ચાસ્પદ બની ગયો છે. સવાલ એ ઉઠી રહ્યો છે કે શું નવી ભલામણ કરતી વખતે આ વન્યજીવો રાતોરાત ગાયબ થઈ ગયા?

ગૌરવવંતા ગીરના સિંહોના કુદરતી નિવાસસ્થાન અને કોરિડોરને એક ખાનગી કંપનીના માઈનિંગ માટે હોમી દેવાનાં આ ષડયંત્ર સામે સ્થાનિક ગ્રામજનો અને પર્યાવરણપ્રેમીઓમાં ભારે રોષ વ્યાપી ગયો છે.

## જો અધિકારીની દાનત સારી હોય તો જ જંગલ અને સિંહોનું હિત જળવાઈ શકે



વર્ષ ૨૦૧૬ અને વર્ષ ૨૦૨૬ના બંને અભિપ્રાયોમાં જે મોટો વિરોધાભાસ છે તે સ્પષ્ટ કરે છે કે જો અધિકારીની દાનત સારી હોય તો જ જંગલ અને સિંહનું હિત શક્ય છે. અગાઉના રિપોર્ટમાં સ્પષ્ટ લખાયું હતું કે, ગુજરાત હાઈકોર્ટમાં પીઆઈએલ પેન્ડિંગ છે જેમાં રાજુલા-જાફરાબાદ-નાગેશ્રી લાયન કોરિડોરની તપાસ ચાલી રહી છે. અદાલતનો ચુકાદો આવ્યા વિના જમીન આપવી એ કોર્ટનો અનાદર ગણાય. વર્તમાન અધિકારીએ કોર્ટના આ ગંભીર મુદ્દાને કોરાણે મૂકીને કંપની તરફે અભિપ્રાય આપ્યો છે.

# મિલકત સંબંધી ગુનામાં સંડોવાયેલ ઈસમની પાસા હેઠળ અટકાયત

(મિલાપ રૂપારેલ દ્વારા)અમરેલી: અમરેલી પોલીસ અધિક્ષક સંજય ખરાત દ્વારા શરીર સંબંધી તથા મિલકત સંબંધી તથા પ્રોહિબીશન ગુનાઓને લગતી અસામાજીક પ્રવૃતિઓમાં સંડોવાયેલ ઈસમો વિરૂધ્ધ પાસા દરખાસ્ત કરી તેઓને પાસા હેઠળ અટકાયત કરી જેલમાં મોકલી આપવા માટે સુચના આપવામાં આવેલ છે.



જે અનુસંધાને અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. સી.પી.વાઘેલાએ અમરેલી જિલ્લામાં મિલકત સંબંધી ગુનાઓમાં સંડોવાયેલ અમરેલીના રોકડીયાપરા સંકુલ ચોકડી પાસે રહેતા બળદેવભાઈ ભગાભાઈ સોલંકી નામના ઈસમ વિરૂધ્ધ પાસા અંગે દરખાસ્ત તૈયાર કરી અને પોલીસ અધિક્ષક મારફતે જિલ્લા મેજીસ્ટ્રેટ અમરેલી તરફ મોકલી આપવામાં આવેલ હતી.

જે અન્વયે અમરેલી જિલ્લા મેજિસ્ટ્રેટ વિકલ્પ ભારદ્વાજ દ્વારા બળદેવભાઈ ભગાભાઈ સોલંકી નામના ઈસમ વિરૂધ્ધ કરવામાં આવેલ પાસા અંગેની દરખાસ્ત માન્ય રાખેલ હતી. અને આ ઈસમવિરૂધ્ધ પાસા વોરન્ટ ઈસ્યુ કરતા અમરેલી એલ.સી.બી. ટીમે આ પાસા વોરંટની બજવણી કરી બળદેવભાઈ ભગાભાઈ સોલંકી નામના ઈસમને અમદાવાદ મધ્યસ્થ જેલ ખાતે મોકલી આપવામાં આવેલ છે.

# અમરેલી જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં સિંહો ઘુસ્યા

## રાજુલાના ખારી ગામે ૭ સિંહો દેખાયા, સાવરકુંડલાના મેવાસામાં પશુનો શિકાર કરતા CCTVમાં કેદ

(મિલાપ રૂપારેલ દ્વારા)

અમરેલી: અમરેલી જિલ્લાના રાજુલા અને સાવરકુંડલા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં સિંહોની સતત અવરજવરથી ગ્રામજનોમાં ભયનો માહોલ સર્જાયો છે. રાજુલાના ખારી ગામમાં એક સાથે સાત સિંહો ગામની શેરીઓમાં નિર્ભય રીતે આંટાફેરા કરતા જોવા મળ્યા હતા, જ્યારે સાવરકુંડલાના મેવાસા ગામમાં સિંહે રહેણાંક વિસ્તાર નજીક પશુનો શિકાર કરતાં સમગ્ર ઘટના CCTV કેમેરામાં કેદ થઈ હતી. બંને ઘટનાના વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં વન વિભાગ સામે નાઈટ પેટ્રોલિંગ વધારવાની માંગ ઉઠી છે.





અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના ખારી ગામમાં એકસાથે સાત સિંહો શિકારની શોધમાં રહેણાંક વિસ્તારમાં ઘૂસી આવતા ગ્રામજનોમાં ભારે ફફડાટ ફેલાયો હતો. મોડી રાત્રે સિંહો ગામની શેરીઓમાં નિર્ભય રીતે આંટાફેરા કરતા જોવા મળ્યા હતા. સમગ્ર ઘટનાના લાઈવ CCTV દ્રશ્યો સામે આવ્યા છે, જેમાં સિંહો ગામની મધ્યમાં ફરતા સ્પષ્ટ દેખાઈ રહ્યા છે.

સિંહોની હાજરીને પગલે ગ્રામજનોએ સુરક્ષાના ભાગરૂપે ઘરના બારી-બારણાં બંધ કરી દીધાં હતા અને વન વિભાગને તાત્કાલિક જાણ કરી હતી. સ્થાનિક લોકોએ વન વિભાગ દ્વારા રાત્રિ દરમિયાન પેટ્રોલિંગ વધારવા તેમજ સિંહોની સતત અવરજવર અટકાવવા અસરકારક પગલાં ભરવાની ઉગ્ર માંગ કરી છે.

બીજી તરફ સાવરકુંડલા તાલુકાના મેવાસા ગામમાં પણ સિંહે રહેણાંક વિસ્તાર નજીક ધસી આવી પશુ પર હુમલો કરી શિકાર કર્યો હતો. ઝરમર વરસતા વરસાદ વચ્ચે બનેલી આ ઘટનામાં શેરીમાં ઉભેલા પશુઓમાં ભારે નાસભાગ મચી ગઈ હતી. આખી ઘટના નજીકમાં લાગેલા CCTV કેમેરામાં કેદ થઈ હતી.

મળતી માહિતી મુજબ ૨ ઓગસ્ટની રાત્રે બનેલી આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે. સતત વધી રહેલી સિંહોની ગામડાઓ તરફની અવર જવરથી ગ્રામજનોમાં ભયનો માહોલ સર્જાયો છે. અને વન વિભાગે અસરકારક દેખરેખ, નાઈટ પેટ્રોલિંગ તથા લોકોની સુરક્ષા માટે તાત્કાલિક પગલાં ભરે તેવી માંગ ઉઠી રહી છે.

# રાંદલના દડવા ગામના પ્રોઢને હનીટ્રેપમાં ફસાવી પૈસા પડાવનારા ચાર જેલહવાલે

અમરેલી : સૌરાષ્ટ્ર ,ગુજરાતમાં મહિલાનો ઉપયોગ કરી લોકોને હનીટ્રેપમાં ફસાવી અને અપહરણ કરી રોકડ રકમની ખંડણી ઉઘરાવતી ગેંગનો લાઠી પોલીસે પર્દાફાશ કર્યો છે. વડોદરાના પોલીસ સ્ટેશનના હનીટ્રેપના ગુના સહિત વિવિધ શહેરોમાં અનેક ગુના આચરનાર ચારેય આરોપીઓને લાઠી પોલીસે ભાવનગર અને અમદાવાદના સરખેજથી દબોચી જેલ હવાલે કરી દીધા છે.





આશરે એક માસ પહેલા વડીયા તાલુકાના રાદલનું દડવા ગામના વિઠ્ઠલભાઈ ટાઢાણી દીકરીની તબિયત પૂછવા મોટરસાઈકલ લઈને દામનગર જઈ રહ્યા હતા. આ દરમિયાન લાઠીના ભવાની સર્કલ પાસે એક મહિલાએ તેમની પાસે લિફ્ટ માગી હતી. બાદમાં ભુરખિયા નજીક અન્ય સાગરિતો કાર લઈને પહોંચી ગયા હતા અને વિઠ્ઠલભાઈનું અપહરણ કરી બળાત્કારના ખોટા કેસમાં ફસાવી દેવાની તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપી કુલ ૨.૫૦ લાખ રૂપિયાની ખંડણી માગી હતી. આરોપીઓએ વિઠ્ઠલભાઈના મોબાઈલમાંથી ગૂગલ પે મારફતે ૫૮ હજાર રૂપિયા પણ બળજબરીથી ટ્રાન્સફર કરાવી લીધા હતા.

પોલીસે સીસીટીવી ફૂટેજ, ટેકનિકલ સર્વેલન્સ તેમજ ભાવનગર અને અમદાવાદ પોલીસની મદદથી સઘન તપાસ હાથ ધરી ઘનશ્યામ ઉર્ફે શ્યામ ધીરુભાઈ લાઠીયા, નિલેશ અશોકભાઈ ગૌસ્વામી, રાજેશ ઉર્ફે રાજુ ભીખાભાઈ કાથરોટીયા અને હેતલબેન નામની મહિલા સહિત ચારેય આરોપીઓને ઝડપી રોકડ રકમ ૫૮,૦૦૦ તથા ચાર મોબાઈલ ફોન મળી કુલ રૂ. ૯૮,૦૦૦નો મુદ્દામાલ કબજે કર્યો છે.

પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે આ ગેંગ વિવિધ મહિલાની મદદથી પુરૂષોને મોહજાળમાં ફસાવીને અલગ-અલગ જિલ્લાઓમાં આ પ્રકારે ગુનાઓને અંજામ આપતી હતી. ઘનશ્યામ લાઠીયા સામે તારાપુર, સુરત, અમદાવાદ, વડોદરા અને બગદાણા સહિત૭ ગુના, નિલેશ અશોકભાઈ ગૌસ્વામી વિરુદ્ધ સુરત અને વડોદરા સહિત ૪ ગુના, રાજેશ ઉર્ફે રાજુ ભીખાભાઈ કાથરોટીયા વિરુદ્ધ સુરત અને વડોદરા સહિત ૪ જેટલા ગુના નોંધાયેલા છે.

# ચડ્ડી-પોતડી બુકાની બાંધી ત્રણ ઈસમોએ ત્રાટકી બે મકાનમાંથી રૂપિયા ૧,૭૧,૦૦૦ની ચોરી કરી

## અમેરિકા ગયેલા બે સગા ભાઈઓના રહેણાંક મકાનમાં ચોરીના બનાવથી ફફડાટ

(મિલાપ રૂપારેલ દ્વારા)

અમરેલી: અમરેલીના લીલીયા રોડ ઉપર આવેલ દ્વારકેશ નગરમાં રહેતા અને હાલ અમેરિકા ગયેલા બે સગા ભાઈઓના રહેણાંક મકાનમાં ગત તા.૧ રાત્રીના ૧/૦૩ થી ૨/૩૮ સુધીના સમયગાળા દરમિયાન કોઈ ત્રણ અજાણ્યા ચોર ઈસમો જેણે ચડ્ડી-પોતડી તથા મોઢે બુકાની બાંધી આ બંધ રહેણાંક મકાનની દીવાલ કુદીને ગેરકાયદેસર અંદર પ્રવેશ કરી રહેણાક મકાનના તાળા તોડી મકાનમાં આવેલ ભગવાનના મંદીર તથા તીજોરીમાં રાખેલ સોનાના દાગીના આશરે કુલ ૧૦ તોલા (૧૦૦ ગ્રામ) જેની આશરે જુની કિમત રૂપિયા ૧,૫૦,૦૦૦ તથા ચાંદી ૬૦૦ ગ્રામ જેની આશરે જુની કિમત રૂપિયા ૬,૦૦૦ તથા રોકડ રકમ રૂપિયા ૧૫,૦૦૦ મળી કુલ કિમત રૂપિયા ૧,૭૧,૦૦૦ ના સોના-ચાંદી તથા રોકડની ચોરી કરી લઈ ગયાની અમરેલી સીટી પોલીસમાં ફરિયાદ નોંધાતા પોલીસે ચોરીનો ભેદ ઉકેલવા માટે ડોગ સ્કોવોર્ડ, સીસીટીવી ફૂટેજ તથા ફિંગર પ્રિન્ટ નિષ્ણાંતની મદદ લઈ ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.



આ બનાવમાં અમરેલીના સાવરકુંડલા બાયપાસ રોડ ઉપર આવેલ મનસીટીમાં રહેતા વિશાલભાઈ રસીકભાઈ સાવલીયાના સગા મામા જે અમરેલીના લીલીયા રોડ ઉપર આવેલ દ્વારકેશ નગરમાં રહેતા અને હાલ અમેરિકા ગયેલા હિમાંશુભાઈ મનુભાઈ ધાનાણી તથા બીમલભાઈ મનુભાઈ ધાનાણીના રહેણાક મકાનમાં ગત તા.૧ રાત્રીના ૧/૦૩ થી ૨/૩૮ સુધીના સમયગાળા દરમિયાન ત્રણ અજાણ્યા ચોર ઈસમો જેણે ચડ્ડી-પોતડી તથા મોઢે બુકાની બાંધી હિમાંશુભાઈ તથા બીમલભાઈના મકાનની દીવાલ કુદીને ગેરકાયદેસર અંદર પ્રવેશ કરી રહેણાક મકાનના તાળા તોડી બીમલભાઈના મકાનમાં આવેલ ભગવાનના મંદીર તથા તીજોરીમાં રાખેલ સોનાના દાગીના આશરે કુલ ૧૦ તોલા (૧૦૦ ગ્રામ) જેની આશરે જુની કિમત રૂપિયા ૧,૫૦,૦૦૦ તથા ચાંદી ૬૦૦ ગ્રામ જેની આશરે જુની કિમત રૂપિયા ૬,૦૦૦ તથા રોકડ રકમ રૂપિયા ૧૫,૦૦૦ મળી કુલ કિમત રૂપિયા ૧,૭૧,૦૦૦ ના સોના-ચાંદી તથા રોકડની ચોરી કરી લઈ ગયાની અમરેલી સીટી પોલીસમાં ફરિયાદ નોંધાતા પોલીસે ચોરીનો ભેદ ઉકેલવા માટે ડોગ સ્કોવોર્ડ, સીસીટીવી ફૂટેજ તથા ફિંગર પ્રિન્ટ નિષ્ણાંતની મદદ લઈ ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

# બાબરામાં બુધવારી પુલનો ટ્રાફિકજામ દૂર કરવા ચેમ્બર ઓફ કોમર્સ મેદાને

બાબરા: બાબરા શહેરના વ્યસ્ત બુધવારી પુલ વિસ્તારમાં છેલ્લા ઘણા સમયથી સર્જાતી ટ્રાફિકજામની સમસ્યાના ઉકેલ માટે બાબરા ચેમ્બર ઓફ કોમર્સે મેદાને ઉતરી સ્થળ પર જ કાર્યવાહી હાથ ધરી હતી. વેપારીઓ, શાકભાજીના લારીચાલકો અને સ્થાનિક આગેવાનો સાથે ચર્ચા કરીને માર્ગ પર ઉભા થતા અવરોધો દૂર કરાવવામાં આવ્યા હતા.

બુધવારી પુલ વિસ્તાર શહેરના મુખ્ય વેપારી કેન્દ્રોમાંનો એક હોવાથી અહીં દિવસભર ભારે અવરજવર રહે છે. શાકભાજીની લારીઓનું અનિયંત્રિત પાર્કિંગ, માર્ગ પર ઉભા રહેતા વાહનો અને વધતા ટ્રાફિકના કારણે વારંવાર ટ્રાફિકજામ સર્જાતો હતો. તેના કારણે વેપારીઓના ધંધા પર અસર થતી હતી. જ્યારે વિદ્યાર્થીઓ, રાહદારીઓ અને વાહનચાલકોને પણ ભારે હાલાકીનો સામનો કરવો પડતો હતો.



આ પ્રશ્નને ગંભીરતાથી લઈ ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ મુન્નાભાઈ મલકાણના માર્ગદર્શન હેઠળ જનરલ સેક્રેટરી પરેશભાઈ સોની, ખાલીદભાઈ સૈયદ, લાલાભાઈ રાઠોડ અને અંતુભાઈ પાટડિયા સહિતના હોદ્દેદારો સ્થળ પર પહોંચ્યા હતા. તેમણે વેપારીઓ, લારીચાલકો અને સ્થાનિક આગેવાનો સાથે ચર્ચા કરીને ટ્રાફિક વ્યવસ્થાને વધુ સુવ્યવસ્થિત બનાવવા જરૂરી સૂચનો આપ્યા હતા.

ચેમ્બર ઓફ કોમર્સના આગેવાનોની સમજાવટ અને સૌના સહયોગથી માર્ગ પર ઉભા થતા અવરોધો દૂર કરાયા હતા.આ પ્રસંગે ચેમ્બર ઓફ કોમર્સના આગેવાનોએ જણાવ્યું હતું કે વેપારીઓ અને નાગરિકોના પ્રશ્નોના નિરાકરણ માટે સંસ્થા હંમેશા પ્રતિબદ્ધ છે. શહેરના વિકાસ અને સુવ્યવસ્થિત વેપારી વાતાવરણ માટે જરૂરી હોય ત્યારે સ્થાનિક તંત્ર સાથે સંકલન કરીને જનહિતના પ્રશ્નોના ઉકેલ માટે સતત પ્રયાસ કરવામાં આવશે.

# અમરેલીમાં જીગ્નેશ મેવાણીનું સરકારને ૭૨ કલાકનું અલ્ટીમેટમ

## ૧૫ ઓગસ્ટે મુખ્યમંત્રીને હજારો લોકો સાથે સવાલ પૂછવાની ચીમકી:અનુસૂચિત જાતિ પર થતા અન્યાય મુદ્દે આક્રમક વલણ



(મિલાપ રૂપારેલ દ્વારા)

અમરેલી: અમરેલી ખાતે આજે યોજાયેલા અનુસૂચિત જાતિ પ્રતિકાર સંમેલનમાં વડગામના ધારાસભ્ય જીગ્નેશ મેવાણીએ રાજ્ય સરકાર અને તંત્ર સામે આકરા પ્રહારો કર્યા હતા. અનુસૂચિત જાતિના લોકોને થતા અન્યાય, ટોચ મર્યાદાની જમીનોના પ્રશ્નો તેમજ વિવિધ બાકી પ્રશ્નોને લઈને આયોજિત સંમેલનમાં તેમણે સરકારને ૭૨ કલાકનું અલ્ટીમેટમ આપીને પડકાર ફેંક્યો હતો.

ધારાસભ્ય જીગ્નેશ મેવાણી "જય ભીમ" અને "વંદે માતરમ"ના નારાઓ વચ્ચે અમરેલી એસ.પી. કચેરીએ પહોંચ્યા હતા. જ્યાં તેમણે જિલ્લા પોલીસ વડા સાથે બંધ બારણે બેઠક કરી હતી. ત્યારબાદ મીડિયા સાથે વાતચીતમાં તેમણે જણાવ્યું હતું કે, અનુસૂચિત જાતિના લોકોને ન્યાય અપાવવા માટે હવે લડત વધુ તેજ બનાવવામાં આવશે.

મેવાણીએ વધુમાં જણાવ્યું હતું કે સાંથલી ગામની જમીનનો પ્રશ્ન, કોસ્ટડીયલ ડેથ સહિત છેલ્લા દસ વર્ષથી જમીન ન મળવાના મુદ્દાઓનો તાત્કાલિક ઉકેલ લાવવામાં આવે. જો આગામી ૭૨ કલાકમાં યોગ્ય કાર્યવાહી નહીં થાય તો ૧૫ ઓગસ્ટના રોજ તેઓ હજારો લોકો સાથે અમરેલી આવશે અને મુખ્યમંત્રી સમક્ષ આ મુદ્દાઓને લઈને સીધા સવાલો ઉઠાવશે.

તેમણે રાજ્ય સરકાર ઉપરાંત સંબંધિત મંત્રી તથા જગદીશ વિશ્વકર્માને પણ આ મુદ્દે જવાબ આપવા તૈયાર રહેવા જણાવ્યું હતું. મેવાણીના આ નિવેદન બાદ પ્રતિકાર સંમેલનમાં હાજર કાર્યકરોમાં ઉત્સાહ જોવા મળ્યો હતો અને સમગ્ર મામલો હવે રાજકીય તેમજ વહીવટી સ્તરે ચર્ચાનો વિષય બન્યો છે.

# ધારી:ટ્રેન સામે એક સાથે પાંચ સિંહો ટ્રેક પર આવી ચડતા પાયલોટની સતર્કતાના કારણે દુર્ઘટના ટળી

(મિલાપ રૂપારેલ દ્વારા)અમરેલી: અમરેલી જિલ્લાના ધારી ગામ નજીક આવેલ છતડીયા રેલવે ફાટક પાસે આજે સોમવારે સાંજે એકસાથે પાંચ સિંહો રેલવે ટ્રેક પર આવી જતાં ટ્રેનના લોકો પાયલોટની સમયસૂચકતા અને ત્વરિત કામગીરીને કારણે મોટી દુર્ઘટના ટળી હતી. આ બનાવની જાણ થતાં સરસિયા રેન્જના વનકર્મીઓ તાત્કાલિક સ્થળ પર દોડી આવ્યા હતા.અને પાંચેય સિંહોને સલામત રીતે ટ્રેક પરથી દૂર ખસેડી તેમનો બચાવ કર્યો હતો.

ધારી તાલુકાના છતડીયા ગામ નજીક આવેલ રેલવે ફાટક નજીક રેલવે ટ્રેક પર એક સાથે પાંચ સિંહો પહોંચી જતાં અને આ સમયે જ ચલાલા જૂનાગઢ પેસેન્જર ટ્રેન પસાર થતી હતી. ત્યારે આ ટ્રેનના લોકો પાયલોટે દૂરથી જ સિંહોને રેલવે ટ્રેક ઉપર જોઈ લેતા અને સમયસર ટ્રેન થંભાવી દીધી હતી. ત્યારબાદ સમગ્ર ઘટનાની જાણ વનવિભાગને કરવામાં આવતા સરસિયા રેન્જની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી.



વનવિભાગના કર્મચારીઓએ જરૂરી તકેદારી સાથે પાંચેય સિંહોને રેલવે ટ્રેક પરથી સુરક્ષિત રીતે દૂર ખસેડ્યા હતા. જેના કારણે કોઈ જાનહાનિ કે અકસ્માત સર્જાયો નહોતો અને બાદમાં ટ્રેન વ્યવહાર પણ પૂર્વવત્ શરૂ કરવામાં આવ્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગઈકાલે પણ દામનગર—લીલીયા વચ્ચે રેલવે ટ્રેક પર એક સિંહ આવી ચડતાં ગુડ્સ ટ્રેનના લોકો પાયલોટે સમયસર ટ્રેન રોકી સિંહનો જીવ બચાવ્યો હતો. આમ સતત બીજા દિવસે આવી ઘટના સામે આવતા ગીર અને આસપાસના વિસ્તારમાં રેલવે ટ્રેક પર વન્ય પ્રાણીઓની અવરજવર વધતી હોવાનું સ્પષ્ટ થઈ રહ્યું છે. આવી સ્થિતિમાં વનવિભાગ અને રેલવે તંત્ર વચ્ચે વધુ સંકલન અને સંવેદનશીલ વિસ્તારોમાં વધારાની તકેદારી રાખવાની જરૂરિયાત વધુ પ્રબળ બની છે.

# જાફરાબાદ લાઈટ હાઉસ નજીક સિંહણે ગાયનું મારણ કર્યું

## રહેણાંક વિસ્તારમાં ઘટનાથી લોકોમાં ભયનો માહોલ

અમરેલી: અમરેલી જિલ્લાના જાફરાબાદના લાઈટહાઉસ વિસ્તારમાં આજે એક સિંહણે ગાયનું મારણ કર્યું હતું. આ ઘટના લાઈટહાઉસ રોડ કોલોની પાસે બની હતી, જ્યાં મુજફરભાઈ ગનીભાઈની માલિકીની ગાયને સિંહણે નિશાન બનાવી હતી.

આ ધોળા દિવસે બનેલી ઘટનાને પગલે આસપાસના રહેણાંક વિસ્તારમાં લોકોમાં ભયનો માહોલ ફેલાઈ ગયો છે. સ્થાનિકોમાં સિંહોની અવરજવરને કારણે ચિંતા વ્યાપી છે.



સ્થાનિકોના જણાવ્યા અનુસાર, આ સિંહણ છેલ્લા ઘણા સમયથી લાઈટહાઉસ રોડ નજીકના બાવળના ઝાડોવાળા વિસ્તારમાં રહે છે. તેણે અગાઉ પણ આ વિસ્તારમાં પશુઓનું મારણ કર્યું હોવાનું કહેવાય છે.

ઘટનાની જાણ થતાં જ વન વિભાગના અધિકારીઓ તાત્કાલિક સ્થળ પર પહોંચ્યા હતા. તેમણે ઘટનાનું વનચનામું તૈયાર કરી આગળની જરૂરી કાર્યવાહી હાથ ધરી છે.

સ્થાનિક લોકોએ વન વિભાગ સમક્ષ રજૂઆત કરી છે કે રહેણાંક વિસ્તારમાં સિંહોની સતત અવરજવર અને પશુઓ પર થતા હુમલાને ધ્યાનમાં રાખીને આ સિંહણને અન્ય સુરક્ષિત વિસ્તારમાં સ્થળાંતરિત કરવામાં આવે. આનાથી લોકોમાં વ્યાપેલો ભય દૂર થઈ શકે.